# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. ગુજરાતના મુખ્યમંત્રીથી લઇને દેશના પ્રધાનમંત્રી પદ સુધીના શાસનને 25 વર્ષ પૂર્ણ કરવાના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લા ૧૧ વર્ષમાં દેશમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું
2. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતાએ ક્રાંતિ સર્જી.
3. કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના પૂર વ્યવસ્થાપન અને નદી સફાઈ અંગે ભેદભાવના આરોપને ફગાવ્યો
4. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું, જવાબદાર AIના અમલીકરણ માટે વિશ્વાસ અને સલામતીની જરૂરીયાત
5. દેશમાં આજે રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકીની જન્મ જયંતીની ઉજવણી

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-25 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે છેલ્લા ૧૧ વર્ષમાં દેશમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. તેમણે કહ્યું કે, પથદર્શક પહેલોએ દેશભરમાં મહિલાઓ, યુવાનો અને ખેડૂતોને સશક્ત બનાવ્યા છે, ૨૫ કરોડથી વધુ લોકોને ગરીબીમાંથી બહાર લવાયા છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ – કરણ મકવાણા)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની અગિયાર વર્ષની યાત્રાને યાદ કરતાં કહ્યું હતું કે

ભારત વૈશ્વિક અર્થતંત્રમાં મજબૂત બન્યુ છે. બંધારણના મૂલ્યો તેમના સતત માર્ગદર્શક રહે છે તેના પર ભાર મૂકતા, શ્રી મોદીએ આગામી વર્ષોમાં વિકસિત ભારતના સામૂહિક સ્વપ્નને સાકાર કરવા માટે વધુ સખત મહેનત કરવાની તેમની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરકારના વડા તરીકે રાષ્ટ્રની સેવા કરવાના ૨૫મા વર્ષમાં પ્રવેશ કરતી વખતે લોકોનો આભાર વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ તેમની યાત્રાને યાદ કરતા કહ્યું કે, આ વર્ષો ઘણા અનુભવોથી ભરેલા રહ્યા છે. જ્યારે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો, ત્યારે ઘણા લોકો માનતા હતા કે ગુજરાત ફરી ક્યારેય ઉભરી શકશે નહીં. પંરતુ સામૂહિક પ્રયાસોથી તેમણે ગુજરાતને સુશાસનના પાવરહાઉસમાં પરિવર્તિત કર્યું.

## આકાશવાણી સમાચાર , અમદાવાદ

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAJNATH - DEFENCE SECTOR

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતા કાર્યવાહી, અસર અને વ્યાપક સ્વીકૃતિના તબક્કા સુધી પહોંચી છે.

આજે નવી દિલ્હીમાં રક્ષા નવાચાર સંવાદમાં સંબોધન કરતાં શ્રી સિંહે કહ્યું કે આજે યુદ્ધો ટેકનોલોજી દ્વારા વધુ સંચાલિત થઈ રહ્યા હોવાથી સરકાર આધુનિક યુદ્ધની બદલાતી ગતિશીલતાથી સંપૂર્ણપણે વાકેફ છે.

## (બાઇટ - રાજનાથ સિંહ, ટેક્નોલોજી)

તેમણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષોમાં, સરકારે દેશમાં સંરક્ષણ સાધનોની સ્વદેશી ડિઝાઇન, વિકાસ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે આત્મનિર્ભર ભારત હેઠળ અનેક નીતિગત પહેલો હાથ ધરી છે.

## (બાઇટ - રાજનાથ સિંહ, IDEX)

શ્રી સિંહે ભાર મૂક્યો કે ભારતના સંરક્ષણ ઉદ્યોગે એક લાખ 50 હજાર કરોડ રૂપિયાનું ઉત્પાદન હાંસલ કર્યું છે, જ્યારે સંરક્ષણ નિકાસ 24 હજાર કરોડ રૂપિયાને વટાવી ગઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CENTRE-MAMTA

કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના પૂર વ્યવસ્થાપન અને નદી સફાઈ અંગે ભેદભાવના આરોપને ફગાવી દીધો છે. જળ શક્તિ મંત્રાલયે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે ભારત અગાઉથી જ સરહદ પાર નદીના મુદ્દાઓ પર ભૂટાન સાથે કામ કરી રહ્યું છે અને પૂર વ્યવસ્થાપન કાર્યક્રમો હેઠળ રાજ્યને એક હજાર બસો 90 કરોડ રૂપિયાથી વધુની રકમ જારી કરી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, ગંગા એક્શન પ્લાન અને નમામી ગંગે કાર્યક્રમ હેઠળ, પશ્ચિમ બંગાળમાં કુલ પાંચ હજાર છસો કરોડ રૂપિયાથી વધુના 62 પ્રોજેક્ટ અને હસ્તક્ષેપો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત, પશ્ચિમ બંગાળમાં નદીના કાયાકલ્પ માટે એક મોટો સિંગલ પ્રોજેક્ટ, કોલકાતામાં ટોલી નાળાના કાયાકલ્પને મંજૂરી આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-MAHARASHTRA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી મહારાષ્ટ્રની બે દિવસની મુલાકાત લેશે. તેઓ લગભગ 19 હજાર 650 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય હવાઈમથકના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે. આ એરપોર્ટ દેશનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ છે. આ સાથે પ્રધાનમંત્રી મુંબઈ મેટ્રો લાઇન-3 ના ફેઝ 2Bનું ઉદ્ઘાટન કરશે. તેઓ સમગ્ર મુંબઈ મેટ્રો લાઇન 3 રાષ્ટ્રને સમર્પિત કરશે.

શ્રી મોદી 11 જાહેર પરિવહન ઓપરેટરો માટે મુંબઈ વન-ઇન્ડિયાની પ્રથમ સંકલિત કોમન મોબિલિટી એપ્લિકેશન લોન્ચ કરશે. આ એપ્લિકેશન મુસાફરોને બહુવિધ જાહેર પરિવહન ઓપરેટરોમાં સંકલિત મોબાઇલ ટિકિટિંગ અને સીમલેસ મલ્ટી-મોડલ કનેક્ટિવિટી સહિત અનેક લાભો પ્રદાન કરે છે.

પ્રધાનમંત્રી મહારાષ્ટ્રમાં કૌશલ્ય, રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા વિભાગ દ્વારા એક અગ્રણી પહેલ, શોર્ટ-ટર્મ એમ્પ્લોયબિલિટી પ્રોગ્રામનું પણ ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ 400 સરકારી ITI અને 150 સરકારી ટેકનિકલ હાઇ સ્કૂલોમાં શરૂ કરવામાં આવશે, જે રોજગારક્ષમતા વધારવા માટે ઉદ્યોગની જરૂરિયાતો સાથે કૌશલ્ય વિકાસને આગળ વધારવા માટે એક મુખ્ય પગલું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UK-PM VISIT

બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટારમર આવતીકાલથી ભારતની બે દિવસની મુલાકાતે આવશે. શ્રી સ્ટારમરની ભારતની આ પ્રથમ સત્તાવાર મુલાકાત હશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે શ્રી સ્ટારમર અને શ્રી મોદી 9મીએ મુંબઈમાં 'વિઝન 2035' ના વિવિધ પાસાઓમાં ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે. આ ભાગીદારી વેપાર અને રોકાણ, ટેકનોલોજી અને નવીનતા, સંરક્ષણ અને સુરક્ષા, આબોહવા અને ઉર્જા, આરોગ્ય, શિક્ષણ અને લોકોથી લોકો વચ્ચેના સંબંધો જેવા મુખ્ય મુદ્દાઓને સમાવિષ્ટ કરીને

કેન્દ્રિત અને સમય-મર્યાદાવાળા 10-વર્ષના રોડમેપની રૂપરેખા આપે છે. બંને નેતાઓ ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર હેઠળ તકો શોધવા માટે વ્યવસાય અને ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે વાતચીત કરે તેવી શક્યતા છે. તેઓ પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

પ્રધાનમંત્રી મોદી અને શ્રી સ્ટારમર મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટના 6ઠ્ઠા સંસ્કરણમાં પણ ઉપસ્થિત રહીને મુખ્ય ભાષણ આપશે. આ મુલાકાત ભારત અને યુ કે ના ભવિષ્યમાં ભાગીદારીના નિર્માણ માટે સહિયારા દ્રષ્ટિકોણને પુનઃપુષ્ટિ કરવાની મૂલ્યવાન તક પૂરી પાડશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . . .

## JAISHANKAR - ARTIFICIAL INTELEGENCE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે જવાબદાર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના અમલીકરણ માટે વિશ્વાસ અને સલામતી જરૂરી છે.

આજે નવી દિલ્હીમાં ટ્રસ્ટ એન્ડ સેફ્ટી ફેસ્ટિવલ ઇન્ડિયાને સંબોધતા ડૉ. જયશંકરે કહ્યું કે, આગામી વર્ષોમાં AI અર્થતંત્રમાં પરિવર્તન લાવશે, કામ કરવાની આદતોમાં ફેરફાર કરશે, નવા સ્વાસ્થ્ય ઉકેલો બનાવશે, શૈક્ષણિક સુલભતા વધારશે.

મંત્રીએ ઉમેર્યું કે જીવનશૈલીમાં AIનો સમાવેશ વિશ્વના દરેક ખૂણામાં દરેક નાગરિકને અસર કરશે. ડૉ. જયશંકરે AIના શાસન માટે સંતુલિત અભિગમ અપનાવવાની અને ડિજિટલ નાગરિકોના રક્ષણ માટે અસરકારક સુરક્ષા પગલાં લેવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VALMIKI JAYANTI

દેશના વિવિધ ભાગોમાં આજે રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકીની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. મહર્ષિ વાલ્મીકીને 'આદિ કવિ' અથવા સંસ્કૃત ભાષાના પ્રથમ કવિ તરીકે પણ પૂજવામાં આવે છે. વાલ્મીકી સંપ્રદાયના સભ્યો તેમને ભગવાનના સંદેશવાહક તરીકે પણ પૂજે છે. આ પ્રસંગની ઉજવણીમાં શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે.

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને વાલ્મીકિ જયંતિની લોકોને શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, મહર્ષિ વાલ્મીકિ રામાયણ મહાકાવ્યના આદિકવિ અને રચયિતા હતા, જે ભગવાન રામના જીવન અને આદર્શોને અમર બનાવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહર્ષિ વાલ્મીકિ જયંતિ નિમિત્તે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે મહર્ષિ વાલ્મીકિના શુદ્ધ અને આદર્શ વિચારોનો પ્રાચીન કાળથી ભારતીય સમાજ અને પરિવારો પર ઊંડો પ્રભાવ રહ્યો છે.

ગૃહમંત્રી અમિત શાહે આદિકવિ મહર્ષિ વાલ્મીકિની જન્મજયંતિ પર નાગરિકોને શુભેચ્છા પાઠવતા પવિત્ર ગ્રંથ 'રામાયણ' અનંતકાળ સુધી જીવનની દરેક પરિસ્થિતિમાં માનવ સમાજને માર્ગદર્શન આપતું રહેશે તેમ કહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-UN PAK

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાકિસ્તાન સામે કડક પ્રતિક્રિયા આપતા જણાવ્યુ કે પાકિસ્તાન પોતાના જ લોકો પર બોમ્બમારો અને સુવ્યવસ્થિત નરસંહાર કરે છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ – **UNSC** માં મહિલાઓને લગતી બાબતો, શાંતિ અને સુરક્ષા અંગેની ચર્ચામાં ભારતના કાયમી પ્રતિનિધિ પર્વતાનેની હરીશે કહ્યું કે,પાકિસ્તાને વર્ષ **1971**માં ઓપરેશન સર્ચલાઇટ ચલાવ્યું હતું. તેમણે કહ્યું કે, પાકિસ્તાની સેના ચાર લાખ મહિલાઓ પર સામૂહિક દુષ્કર્મમાં સંડોવાયેલી હતી.

શ્રી હરીશે કહ્યું કે, ભારત મહિલાઓને લગતી બાબતો, શાંતિ અને સુરક્ષા એજન્ડા પ્રત્યે પ્રતિબદ્ધ છે. તેમણે વૈશ્વિક શાંતિ પ્રત્યેની ભારતની પ્રતિબદ્ધતાની અભિવ્યક્તિ તરીકે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ જાળવણીમાં સતત યોગદાન પર પ્રકાશ પાડ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .